# બીજા રાઉન્ડ ઓનલાઈન ચોઈસ ફીલિંગ અંગે અગત્યની સૂચનાઓ

**2nd ROUND OF COUNSELING**

**(COURSES: BPT, Bsc. NURSING, BOP, BNSY, BO, BOT, BASLP GNM, ANM ONLY)**

મેરીટ લીસ્ટમાં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો બીજા રાઉન્ડમાં સંમતિ આપીને ભાગ લઇ શકે છે.

# લિસ્ટ માં દર્શાવેલ સ્થિતિ અનુસાર ના કોઈપણ વિધ્યાર્થી બીજા રાઉન્ડ માં સંમતિ આપીને ભાગ લઈ શકે છે.

- આપે પ્રથમ રાઉન્ડમાં ચોઈસ ભરેલ ન હોય
- આપને પ્રથમ રાઉન્ડમાં ચોઈસ ભરેલ હોય પરંતુ પ્રવેશ ફાળવેલ ન હોય
- આપને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવેલ હોય પરંતુ નિયત કરેલ બેન્ક શાખા માં ફી ભરેલ ન હોય.
- આપને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ હોય અને નિયત કરેલ બેન્ક શાખા માં ફી ભરેલ હોય પરંતુ નિયત કરેલ હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવેલ ન હોય.
- આપને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ હોય અને નિયત કરેલ બેન્ક શાખા માં ફી ભરેલ હોય અને નિયત કરેલ હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવી આપનો પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય
- આપને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ હોય અને પ્રવેશ રદ કરાવેલ હોય.

# બીજા રાઉન્ડ માં ચોઈસ ફિલિંગ કરવા અંગેની ખાસ અગત્યની સુચના

- જો આપને પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ, ફી ભરીને અને અસલ પ્રમાણપત્રો જમા કરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય અને પ્રવેશમાં કોઈ ફેરફાર ન કરવો હોય તો બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગમાં ભાગ લેવા માટે ઓનલાઈન સંમતિ (કન્સેન્ટ) આપવાની જરૂર નથી. ઓનલાઈન સંમતિ (કન્સેન્ટ) આપવાથી આપને અન્ય જગ્યાએ પ્રવેશ મળી શકે છે જે સ્થિતિ માં પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ આપોઆપ રદ થઇ જશે.

- આપના થી શરતચૂકથી સંમતિ (કન્સેન્ટ) અપાઈ ગઈ હોય તો આપ લોગઈન કરીને આપેલ સંમતિ (કન્સેન્ટ) રદ કરી શકશો.

- બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગમાં ભાગ લેવા માંગતા હોય તેવા ઉમેદવારે ફરજીયાત ઓનલાઈન સંમતિ (કન્સેન્ટ) આપવાની રહેશે. ત્યારબાદ જ ચોઈસ ફીલિંગ કરી શકાશે અથવા બદલી શકાશે.

- સંસ્થાઓની ચોઈસ ભરવા માટે કોઈ મર્યાદા નથી આપ તમામ ઉપલબ્ધ સંસ્થાઓની ચોઈસ ભરી શકો છો. આપની પસંદગી ના અભ્યાસક્રમ માટે શક્ય હોય તેટલી વધારે સંસ્થાઓની ચોઈસ ભરવી જોઈએ. આપની પસંદગી મુજબ ઉતરતા ક્રમમાં ચોઈસ ભરવી.

- ❖ બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગમાં ભાગ લેવા માટે આપે ઓનલાઈન સંમતિ (કન્સેન્ટ) આપેલ હશે અને ચોઈસમાં ફેરફાર નહીં કરો તો પ્રથમ રાઉન્ડમાં આપેલ ચોઈસ ફાઈનલ ગણવામાં આવશે.
- ❖ બીજા રાઉન્ડ માં ઉપલબ્ધ સંસ્થા ની બેઠકો તથા અન્ય માહિતી વેબસાઇટ પર સમયાંતરે અપડેટ કરવામાં આવે છે. જેથી ચોઈસ ફિલિંગ કરતી વખતે વેબસાઇટ પર ઉપલબ્ધ લેટેસ્ટ માહિતી ધ્યાન માં રાખવી.

**ખાસ નોંધ :**

**બીજા રાઉન્ડમાં જો આપને પ્રવેશ મળશે તો પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ આપોઆપ રદ થઇ જશે અને તેના પર આપનો કોઈ હક દાવો રહેશે નહીં.**

# બીજા રાઉન્ડ માં પ્રવેશ ફાળવણી અંગેની અગત્યની સુચના

- જો આપને પ્રથમ રાઉન્ડ માં પ્રવેશ ના મળેલ હોય અને બીજા રાઉન્ડ માં ચોઈસ ફિલિંગ કરી હોય અને બીજા રાઉન્ડ માં પણ પ્રવેશ મળેલ ન હોય તો કોઈ પ્રોસેસ કરવાની જરૂર નથી.

- બીજા રાઉન્ડ માં સંમતિ આપીને ચોઈસ કર્યા બાદ આપને તમારી ચોઈસ માંથી પ્રવેશ ફાળવવા માં આવે છે તો પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ આપોઆપ રદ થઇ જશે અને તેના પર આપનો કોઈ હક દાવો રહેશે નહીં. અને બીજા રાઉન્ડ નો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે અન્યથા બીજા રાઉન્ડ ના અંતે બીજા રાઉન્ડ માં મળેલ પ્રવેશ પણ રદ ગણવામાં આવશે જેથી હવે આપની પાસે એકપણ બેઠક પર પ્રવેશ રહેશે નહીં.

- આપને પ્રથમ રાઉન્ડ માં પ્રવેશ મળેલ નથી અને બીજા રાઉન્ડ માં પ્રવેશ મળે છે તો બીજા રાઉન્ડ માં મળેલ સંસ્થા ની મંજુર થયેલ ફી નિયત કરેલ બેંક ખાતે ભરવાની રહેશે. ત્યારબાદ એપોઇન્ટમેન્ટ લઇ નજીક ના હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવ્યા બાદ એડ્મિશન ઓર્ડર મેળવવાનો રહેશે. અન્યથા તમારો પ્રવેશ રદ ગણવામાં આવશે.

- જો આપનો પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ બીજા રાઉન્ડ માં બદલાય અને ફી ની તફાવતની રકમ ભરવાની થતી ન હોય તો પણ એલોટમેન્ટ લેટર તથા ફી ચલણ ડાઉનલોડ કરવાનું રહેશે. એક્સિસ બેંક માં જવાની જરૂર નથી પરંતુ અપોઈન્ટમેન્ટ લીધા બાદ હેલ્પ સેન્ટર પર જઈને નવો ફાઈનલ એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.

❖ જો આપનો પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ બીજા રાઉન્ડ માં બદલાયેલ હોય અને ફી ની તફાવતની રકમ ભરવાની થતી હોય તો નવો એલોટમેન્ટ લેટર તથા ફી ચલણ ડાઉનલોડ કરવાનું રહેશે. એક્સિસ બેંક માં તફાવતની રકમ ભર્યા પછી એપોઇન્ટમેન્ટ લીધા બાદ હેલ્પ સેન્ટર પર જઈ ફાઈનલ એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.

(દા.ત : પ્રથમ રાઉન્ડ માં મળેલ સંસ્થા ની ભરેલ ફી = ₹ ૫૦૦૦૦ અને બીજા રાઉન્ડ માં મળેલ સંસ્થા ની ફી = ₹ ૬૦૦૦૦ છે.. તો બીજા રાઉન્ડ માં ફક્ત તફાવત ની રકમ ₹ ૧૦૦૦૦ ભરવાની રહેશે.)

❖ બીજા રાઉન્ડમાં આપની ચોઈસ મુજબ નવો પ્રવેશ નહીં મળે તો જુનો મળેલ પ્રવેશ ચાલુ રહેશે (આપે ફી ભરીને અસલ ડોકયુમેંટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવેલ હશે તો.)

❖ બીજા રાઉન્ડમાં પ્રવેશ માટે ઉપલબ્ધ સંસ્થાઓની માહિતી, ફી ની માહિતી તથા ઉપલબ્ધ બેઠકોની વિગતવાર માહિતી વેબસાઇ www.medadmgujarat.org પર ઉપલબ્ધ છે. પ્રવેશ સમિતિ દ્વારા અપડેટ કરેલી માહિતી માટે વારંવાર વેબસાઇટ જોતા રહેવું.